# ચંડોળામાં નહાવા પડેલા ત્રણ કિશોરના મોતથી સનસનાટી

## ઈસનપુર પોલીસ દ્વારા ગુનો દાખલ કરી તપાસ : નજીકમાં રહેતા ચાર મિત્ર ન્હાવા માટે પડ્યા બાદ કરૂણ મોત થયા


અમદાવાદ, તા.૧૨

શહેરના ચંડોળા તળાવમાં નહાવા પડેલા ત્રણ કિશોરોના ડુબી જતાં કમકમાટી ભર્યા મોત નિપજ્યાં છે. આ ડુબી ગયેલા કિશોરોના મૃતદેહને સ્થાનિક રહીશોએ પાણીમાંથી બહાર કાઢ્યા હતા. હાલ આ મામલે ઈસનપુર

પોલીસે ગુનો દાખલ કરી કિશોરોની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે. મળતી વિગત અનુસાર, રાજ્યમાં ગરમીનો પારો વધતા જ લોકો ગરમીથી બચવાના અલગ-અલગ નુસખાઓ અપનાવતા હોય છે ત્યારે ક્યારેક સસ્તામાં સિદ્ધપુરની જાત્રી મોંઘી પડી જતી હોય છે. આવો જ એક કિસ્સો અમદાવાદના ચંડોળા તળાવ પાસેની કેનાલમાં બન્યો છે. જેમાં ૧૨-૧૩ વર્ષની ઉંમરના નહાવા પડેલા ત્રણ કિશોરોએ તેમનો જીવ ગુમાવ્યો છે. ચંડોળા તળાવ પાસે આવેલ કેનાલમાં પાણીનું પ્રમાણ વધુ હોવાથી આસપાસના વિસ્તારના ચાર મિત્રે નહાવા આવ્યા હતા જેમાંથી બે મિત્રોને કેનાલમાં ડુબતા જોઈ એક મિત્ર ત્યાંથી ભાગી ગયો હતો જ્યારે બીજા મિત્રએ હિંમત દાખવીને ડુબી રહેલ મિત્રને બચાવવાનો મરણીયો પ્રયાસ કર્યો હતો.

કેનાલમાં ડુબેલ ત્રણેય બાળકોના મૃતદેહને આસપાસના સ્થાનિકો દ્વારા બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં ઈસનપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતક બાળકોની ઓળખ ન થતાં અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે તેમજ આ કિશોરોના કપડામાંથી કોઈપણ પ્રકારનું ઓળખપત્ર પણ મળી ન આવતા પોલીસે ઓળખ મેળવવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. બાદમાં પોલીસે કિશોરોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. આ ત્રણેય કિશોરોની ડુબવાની ઘટનામાં સ્થાનિક રહીશ ઈમરાનખાન યુસુફખાન નામના ભાઈ પાણીમાં કિશોરને બચાવવા પડ્યા હોવાનું જાણવા મળ્યું છે.

### વડીલોને વંદન અભિનંદન



ભૂપેન્દ્રભાઈ એસ. શાહ (૧૯૫૨)

## મોદી સામે ભીડનારા વકીલ મુકુલ સિંહાનું અવસાન

અમદાવાદ, તા.૧૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રદાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે લિગલ એક્ટિવિઝમ ચલાવનારા જાણીતા એડવોકેટ મુકુલસિંહાનું સોમવારે બપોરે સ્ટર્લિંગ હોસ્પિટલમાં સારવાર દરમિયાન લંગ કેન્સરના કારણે નિધન થયું હતું. તેમના પાર્થિવ શરીરને સાંજે છ વાગ્યે ગુજરાત કોંગ્રેસ ભવન પાસે આવેલા મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ ખાતે દર્શનાર્થે રાખવામાં આવશે. તેમના શરીરનું વાડીલાલ હોસ્પિટલ ખાતે દાન કરવામાં આવશે. તેઓ છેલ્લા કેટલાય સમયથી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે લિગલ એક્ટિવિઝમ ચલાવવાના કારણે સમાચારોમાં રહ્યા હતા. જન સંઘર્ષ મંચ ફેમ મુકુલ સિંહા છેલ્લા થોડા સમયથી ઈનએક્ટિવ થઈ ગયા હતા. તેમના એનજીઓનો ચાર્જ પત્ની નિર્ઝરીસિંહા અને તેમના આસિસ્ટન્ટ શમસાદ પઠાણ સંભાળતા હતા. મુકુલસિંહાના નિધનના કારણે તેમના વકીલો સહિતના તેમના વર્તુળમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

## કોર્પોરેશનની સાયકલ શેરીંગ યોજના પર પંચે મુકેલી બ્રેક

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હમણાં જ ચાલુ થયેલી મહત્વાકાંક્ષી સાયકલ શેરીંગ યોજના પર ચૂંટણીપંચે રોક લગાવી દીધી છે. ચૂંટણીપંચે જણાવ્યું હતું કે, આચારસંહિતા સંપૂર્ણપણે ઉઠાવી ન લેવાય ત્યાં સુધી આ યોજનાની શરૂઆત કરી શકાશે નહીં, જો કે, ચૂંટણીપંચે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાયેલ અમદાવાદ નેશનલ બુક ફેર અને ૩૦ એપ્રિલ સુધી પ્રોપર્ટી ટેક્ષ લેવાની રજા આપી દીધી હતી. પરંતુ સાયકલ પ્રોજેક્ટની મંજુરી ન મળી હોવા છતાં ચાલુ થઈ જતાં ચૂંટણીપંચે હાલ પૂરતી રોક લગાવી દીધી છે. આ બાબતે એએમસીના એક પણ અધિકાર કે હોદ્દેદાર કંઈ પણ કહેવા તૈયાર નથી.

# ઉનાળુ વેકેશન બાદ પ્રાથમિક શાળામાં ભરતી-બદલી થશે

## અમદાવાદ જિલ્લાની શાળાઓમાં હવે વિદ્યાસહાયકોની ભરતી, શિક્ષકોની બદલી : રાજ્ય સરકારની મંજુરી લેવાશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અનેક શિક્ષકોની જગ્યાઓ ખાલી છે પરંતુ અત્યારે લોકસભાની ચૂંટણીની આચારસંહિતાનો અમલ ચાલી રહ્યો હોવાથી શિક્ષકોની ભરતી કરી શકાય તેમ નથી ત્યારે ઉનાળુ વેકેશન બાદ અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી અને શિક્ષકોની બદલીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે આ અંગે પ્રથમ રાજ્ય સરકારની મંજુરી લેવામાં આવશે.

અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા પર વિદ્યાસહાયકોની ભરતીની કાર્યવાહી કરવામાં આવનાર છે. આ ઉપરાંત જિલ્લામાં આંતરિક તાલુકા બદલી તેમજ જિલ્લા અરસપરસ બદલી કેમ્પની કાર્યવાહી માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ પાસે મંજુરી માંગવામાં આવી છે પરંતુ અત્યારે લોકસભા ચૂંટણીની આચારસંહિતા અમલી હોવાથી વિદ્યાસહાયકોની ભરતી અને નશિક્ષકોની આંતરીક બદલીની કાર્યવાહી કરી શકાય તેમ નથી. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તરફથી મળતી માહિતી મુજબ હવે ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ વિદ્યાસહાયકોની ભરતી અને શિક્ષકોની બદલી કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

જેમાં ધોરણ ૧ થી ૫ની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નવી ભરતી કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં ધોરણ ૬ થી ૮ની શાળાઓમાં ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની ભરતીની કાર્યવાહી કરાશે. વિદ્યાસહાયકોની ભરતી ઉપરાંત તાલુકા અરસપરસ બદલી કેમ્પ પણ ઉનાલુ વેકેશન પુરું થયા બાદ જ યોજી શકાશે. ઉલ્લેખનીય છે કે લાંબા સમયથી અમદાવાદ જિલ્લાની મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સ્ટાફના અભાવે સિક્ષણ કાર્ય પર માઠી અસર પડી રહી હતી. જેના કારણે શિક્ષકોની ભરતી કરવા માંગ કરાઈ રહી હતી પરંતુ લોકસભાની ચૂંટણી આચારસંહિતાને કારણે વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ શકી ન હતી. ત્યારે હવે ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં જ વિદ્યાસહાયકોની ભરતી અને શિક્ષકોની બદલીના ધમધમાટ શરૂ થશે.

# મૃતકનું પોસ્ટમોર્ટમ કરનાર તબીબ આજે જુબાની આપશે

## સેશન્સ કોર્ટમાં તબીબની જુબાનીને લઈને ભારે સસ્પેન્સ અકબંધ : કેટલીક ચોંકાવનારી વિગત ખુલે તેવી શક્યતા


અમદાવાદ, તા.૧૨

શહેરના મણીનગર વિસ્તારમાં પોલીસ કોન્સ્ટેબલ વિનય યાદવ પર ગોળીબાર કરી મૃત્યુ નિપાજવવાના કેસમાં મૃતક પોલીસ કોન્સ્ટેબલનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર આવતીકાલે સેશન્સ કોર્ટમાં જુબાની આપશે.

આ મર્ડર કેસમાં હૈદરાબાદના ત્રણ આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદઅલી, મહમ્મદ હનીફ અને એક લખનૌનો આરોપી ઈઝહાર ખાન સંકળાયેલા છે અને તેઓ ઘણા સમયથી સાબરમતી મધ્યસ્થ જેલમાં બંધ છે. આ કેસની વિગત એવી છે કે આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદઅલી, મહમ્મદ હનીફે હૈદરાબાદ સ્થિત દર્ગસ જેહાદએ શહાદત નામના મુસ્લિમ સંગઠનના ઓથા હેઠળ જૂન ૨૦૦૭માં એક દિવસ સાંજે મહમ્મદ હનીફની હૈદરાબાદ મુસીરાબાદ ઝમઝમ મસ્જીદ સામે આવેલ કલીનીકમાં ભેગા મળી કાવતરું રચ્યું હતું. કાવતરાના મુખ્ય હેતુ ગુજરાતમાં થયેલ ગોધરાકાંડના રમખાણાનો બદલો તેમજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી નરેન્દ્ર અમીન દ્વારા મૌલાના નસુરૂદ્દીનની ધરપકડનો વિરોધ કરતા મુસ્લિમો ઉપર ફાયરીંગ દરમ્યાન મુઝાહીદ સલીમ આજમીની મોતનો બદલો મુખ્ય હેતુ હતો. જેમાં અમદાવાદમાં લૂંટ કરી તે પૈસાથી હથિયારો ખરીદી પોલીસના મર્ડરનો કાવતરામાં સમાવેશ થતો હતો. કાવતરુ પાર પાડવા મહમ્મદ હનીફે અમદાવાદમાં રહેતા તેના સંબંધીઓ મારફતે સૈયદ અમજદઅલીને રામોલમાં ભાડાનું મકાન અપાવ્યું હતું. ત્યારબાદ વકાલ અહેમદે લખનૌમાં ઈઝહાર ખાનને મોર્ડન હોટલના રૂમમાં બોલાવી ઉપરોક્ત કાવતરાની હકીકત સમજાવી કાવતરુ પાર પાડવા પિસ્ટલ, કાવરતુસો ખરીદી અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં ફરી રેકી કરી તા. ૨૨ ઓગસ્ટ ૭ થી ૭:૧૫ વાગ્યા દરમ્યાન કાંકરિયા વિજય પ્લાઝા આગળથી એક કાળા રંગની બજાજ બોક્સર બાઈક ચોરી કરી તેના પર ડુપ્લીકેટ નંબરપ્લેટ લગાવી લૂંટ કરવા તા. ૮ નવેમ્બર ૨૦૦૭ના ૧૦:૩૦ વાગે મણીનગર એચડીએફસી બેંક આગળ ઉભા હતા તે વખતે મણીનગરના બે પોલીસ કોન્સ્ટેબલ અનીલ વિષઅણુભાઈ અને વિનયકુમાર જાગનસિંહ યાદવ પેટ્રોલીંગમાં હતા.

પોલીસને બેંક આગળ ઉભા રહેલા શખ્સો પર શંકા જતાં તેઓ તેમની પૂછપરછ કરવા અને અંગજડતી તપાસ કરવા જતા આરોપી વકાર અહેમદે વિનય યાદવ પર પિસ્ટલ વડે ફાયરીંગ કરી હતી અને આરોપીઓ નાસી છુટ્યા હતા. બનાવમાં પોલીસ કોન્સ્ટેબલ વિનયકુમાર યાવદનું મરણ થયું હતું. પોલીસ કોન્સ્ટેબલને શૂટ કરી નાસી છુટેલા આરોપીઓ હૈદરાબાદમાં એક કેસમાં પકડાયા હતા અને તેઓએ પોલીસ કોન્સ્ટેબલ વિનયકુમાર યાદવનું મર્ડર કર્યું હતું તેવી કબુલાત કરી હતી. હાલ આ કેસમાં પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ચારેય આરોપીઓની ધરપકડ કરી ટ્રાન્ઝીટ રિમાન્ડ પર મેળવી રિમાન્ડનો સમય પૂર્ણ થતાં જેલ કસ્ટડી કર્યા છે. આરોપીઓ છેલ્લા ઘણા સમયથી જેલમાં બંધ છે. અમદાવાદ સેશન્સ કોર્ટમાં જજ કે.જે. દસ્યોદી સામે મૃતક પોલીસ કોન્સ્ટેબલ વિનયકુમાર યાદવનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર આવતીકાલે કોર્ટમાં જુબાની આપશે. હવે આવતીકાલે ડોક્ટર જે.વી. શાહ કોર્ટમાં જુબાની આપશે. હાલમાં આ કેસ સરકારી, વકીલ મુકેશ કાપડીયા સંભાળી રહ્યા છે.

### શબ્દાવલી - ૫૩૯૨



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. પાંઉ-બ્રેડ બનાવવાનું ભઠિયાર ખાનુ (૩) | ૧. બેદરકારપણું (૫) |
| ૩. સફળ થવું તે, સાર્થકતા(૪) | ૨. સુર અને તાલનો સમન્વય કરવો(૩) |
| ૫. પરાણે, ધરારથી (૪) | ૩. મદદ કરવી તે (૪) |
| ૬. રીત-રીવાજ (૩) | ૪. ડ્યુટી, જવાબદારી (૩) |
| ૮. ધરધણી (૪) | ૭. શણગારેલ મંડપ-તંબુ (૪) |
| ૧૧. વિષયી, વિષયાસક્ત (૨) | ૯. કોમળ, નાજુક (૩) |
| ૧૨. મા-જનની (૨) | ૧૦. નજરતળે રહે તેમ કેદ કરવું (૫) |
| ૧૩. સોજો (૨) | ૧૫. ઓસ, તુષાર (૩) |
| ૧૪. અભ્યાસ, મહેનત (૩) | ૧૭. સુપડામાં ઝાટકવું (૩) |
| ૧૫. માથા અને આંખનો એક રોગ (૩) | ૧૮. ઓળખાણ, પત્તો... મળવી (૨) |
| ૧૬. અપવિત્ર, ખરાબ (૩) | ૨૧. ઓળખાણ, લાગવગ (૨) |
| ૨૦. એક ગામનું નામ (૪) | |
| ૨૨. નાક વિનાનો (૩) | |

### શબ્દાવલી ૫૩૯૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાવન (૩) મનખો (૬) હિના (૮) રીવાજ (૯) સમોવડિયું (૧૧) રત (૧૨) છાલક (૧૪) ભાલો (૧૫) ચૂંક (૧૭) પાટલા (૧૮) ચોક (૧૯) ખતવણી (૨૨) મનન (૨૩) ઘરઘાટી

**ઊભી ચાવી :-** (૧) સારસ (૨) નહિવત (૪) નરી (૫) ખોવાયેલ (૭) નાડિ (૧૦) મોરલો (૧૩) કમકમાટી (૧૪) ભારેખમ (૧૫) ચૂંટણી (૧૬) કલા (૧૭) પાવન (૨૦) તન (૨૧) ખાર

### કામગીરી ઠપ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શનિ-રવિની રજાના અંતે આજે સપ્તાહના પ્રારંભિક દિવસે પણ કચેરીમાં સર્વર ડાઉન થતા સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર વાહનચાલકો ડ્રાઈવીંગ ટેસ્ટ પણ આપી શક્યા ન હતા. ટ્રેક પરની સિગ્નલ લાઈટો પણ લાંબા સમયથી બંધ છે. જ્યારે રીવર્સ સહીત ટેસ્ટના ટાઈમીંગમાં પણ ફેરફાર કરી દેવાતા વાહનચાલકો માટે આ ટેસ્ટ વધુ અરો બની ગયો છે.

### 'ગેમ' બદલાઈ ગઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રેય અરવિંદ કેજરીવાલના ટેકેદારોની તે પ્રતિબદ્ધ ટીમને જાય છે. જેમાં દિલ્હી સહિત દેશભરના યુવાનો સામેલ છે અને બનારસમાં દિવસ-રાત મહેનત કરી રહ્યાં છે. તેમાં કોઈ બેમત નથી કે બનારસમાં હજુય મોદી આગળ છે. ઈન્ડીયા ટુડેના એક સર્વેમાં મોદીને ૫૬ ટકા વોટ મળ્યા છે.

જ્યારે કેજરીવાલને માત્ર ૧૦ ટકા વોટ સાથે ત્રીજા ક્રમાંક પર રખાયા છે. આ સર્વે અનુસાર કોંગ્રેસના અજય રાય ૧૫ ટકા વોટ મેળવી બીજા નંબર પર આવી શકે. કેજરીવાલનો દાવો છે કે તેમણે શહેરી મતદાતાઓને એક પત્ર લખ્યો છે. આમ આદમી પાર્ટી આમ તો મુસલમાન વોટો પર વધારે નિર્ભર છે. પરંતુ કેજરીવાલને આશા છે કે ગામડામાંથી એસપીના યાદવ અને બીએસપીના દલિત વોટમાં પણ તેઓ ગાબડુ બાડવામાં સફળ થશે.

### એનડીએમાં જોડાશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નરેન્દ્ર મોદી સાથે બેઠક કરીને એન.ડી.એ. સાથે ગઠબંધન અંગે લંબાણપૂર્વક ચર્ચા કરી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથેની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, નોર્થ ઈસ્ટની દસ જેટલી પાર્ટીઓ એન.ડી.એ.માં જોડાશે. આ દસ પક્ષોના ૧૦ ઉમેદવારો ચૂંટણી રહ્યા છે. તેમાંથી જેટલા પણ ચૂંટાશે તે ભાજપને ટેકો જાહેર કરશે.

નોર્થ ઈસ્ટના આ પ્રાદેશિક પક્ષો એન.ડી.એ. સાથે પ્રીપોલ જોડાણમાં સામેલ છે. લોકસભા ચૂંટણી પૂર્ણ થતાં હવે પરિણામ પહેલા જ રાજકીય પક્ષોના ગઠબંધનની તડજોડ શરૂ થવા પામી છે. આજે ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓ તેમજ અન્ય પક્ષોના નેતાઓએ નરેન્દ્ર મોદીની મુલાકાત લઈ ચૂંટણી પરિણામો બાદની રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચાઓ કરી હતી.

છત્તીસગઢના ભાજપ સરકારના મુખ્યમંત્રી રમણસિંઘે પણ આજે નરેન્દ્ર મોદીને મળીને રાજકીય ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત ભાજપના પૂર્વ પ્રમુખ નીતિન ગડકરી પણ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લેનાર છે.

### પસંદગી પ્રક્રિયા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહી શકે છે કે મોદી જે નક્કી કરે તે મુખ્યમંત્રી રહેશે તો અમને કોઈ વાંધો નથી. ૧૬?? મે ના રોજ લોકસભાની ચૂંટણીનું પરિણામ છે તે પછી મોદી દિલ્હી સિફ્ટ થશે તેથી ગુજરાતમાં તેમની જગ્યાએ કોને મૂકવા, નવી કેબિનેટમાં કોને સમાવવા તેમજ રાજયના વહીવટી તંત્રની પળેપળની વિગતોથી પોતે કેવી રીતે વાકેફ રહે તેની ચર્ચા આવતીકાલની બેઠકમાં થાય તેમ મનાય છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે મોદી ભલે -ાઈમ મિનિસ્ટર બને પણ તેમની નજર ગુજરાત ઉપર વધારે રહેશે. હવે પાર્ટી અને સંગઠન તેમજ કેન્દ્ર સરકાર વચ્ચે કેવી રીતે સંકલન જળવાય તે માટેની કોઈ મહત્વની કમિટી બને તો નવાઈ પામવા જેવું નથી. મોદીને મળ્યા પછી સંગમાએ પત્રકારોને કહ્યું હતું કે હું આજે ભારતના ભાવિ પીએમને મળવા માટે આવ્યો છું. સંગમાને મળ્યા પછી મોડી સાંજે ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન ગડકરી પણ મોદીને મળ્યા હતા. આ બન્ને નેતાઓ સાથે એક કલાક કરતાં વધુ સમય સુધી મોદીએ ચર્ચા કરી હતી.

### કોંગ્રેસનો સર્વે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના પ્રદેશ નેતાએ કહ્યું કે ગુજરાતની ૨૬ બેઠકોમાંથી ઓછામાં ઓછી ૮ બેઠકો મળશે. રસાકસી બેઠકમાંથી અમુક કોંગ્રેસને મળે તો સંખ્યા ૧૨ સુધી પહોંચી શકે તેવું તારણ છે.

સૌરાષ્ટ્રની આઠ બેઠકો પૈકી અમરેલી અને જૂનાગઢની બેઠક પર પાર્ટીનો વિજય નક્કી ગણવામાં આવે છે. જ્યારે સીટીંગ સાંસદો ધરાવતા રાજકોટ અને સુરેન્દ્રનગરની બેઠક રસાકસી ભરી ગણવામાં આવે છે. જ્યાં ગમે તે પરિણામ આવી શકે છે. રાજકોટથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે કુંવરજી બાવળીયા તથા સુરેન્દ્રનગરથી સોમાભાઈ પટેલ ચૂંટણી લડ્યાનું ઉલ્લેખનીય છે.



### હાશનો રોટલો..!

ઉનાળાની બળબળતી બપોરે ચિલોડા પંથકમાં ગાયોના ધણ ચરાવીને ભોજન કરવા બેઠેલા માલધારીઓ હાથમાં રોટલો અને રોટલા પર શાક લઈને ઝાડના છાંયે બેઠા છે. હજુ પણ મોબાઈલ અને પીઝાના યુગમાં આ માલધારીઓ ભેગા મળીને ભાતીગળ 'લંચ' કરી આનંદનો ઓડકાર ખાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ચિલોડા પંથકમાં આ માલધારીઓ ગાયોના ધણ લઈને ફરી રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# શહેરમાં મતગણતરી દિવસે લોખંડી બદોબસ્ત ગોઠવાશે

## ગુજરાત કોલેજ અને એલડી ખાતે ૧૫૦૦ સુરક્ષા કર્મચારી

## ૩૫૦ સુરક્ષા કર્મચારીઓનો રાઉન્ડ ધી ક્લોક બંદોબસ્ત

અમદાવાદ, તા.૧૨

લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો માટે તા. ૧૬મી મેએ હાથ ધરાનારી મતગણતરીને ધ્યાનમાં રાખીને ગુજરાત કોલેજ અને એલડી કોલેજ ખાતે બડબેસલાક બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. મતગણતરીના દિવસે બંને કોલેજો ઉપર ૧૨૦૦થી ૧૫૦૦ સુરક્ષા કર્મચારીઓ તહેનાત રહેશે. અમદાવાદની બે માત્ર બેઠક અમદાવાદ પૂર્વ અને અમદાવાદ પશ્ચિમના ઈવીએમ મશીનો તા. ૧ મે થી ગુજરાત કોલેજ અને એલડી એન્જીનીયરીંગના સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા છે. જેને ધ્યાનમાં રાખીને બંને કોલેજો ઉપર બીએસએફની એક કંપની (૬૦ જવાનો), એસઆરપીની એક કંપની (૬૦ જવાનો) તેમજ સ્થાનિક પોલીસના ૫૦થી ૬૦ જવાનો મળીને ૩૫૦ જેટલા સુરક્ષા કર્મચારીઓનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

આ ઉપરાંત ઈવીએમ મશીનો જ્યાં રખાયા છે તે સ્ટ્રોંગ રૂમ તેમજ કોલેજ કેમ્પસ કવર થાય તે રીતે બંને કોલેજોમાં ૫૦ થી ૬૦ જેટલા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જો કે ૧૬ મે ના રોજ થનારી મતગણતરીને ધ્યાનમાં રાખીને આ બંને સેન્ટરો ઉપર ૧૨૦૦થી ૧૫૦૦ જેટલા સુરક્ષા ક્રમચારી તહેનાત કરવામાં આવશે. તા. ૧ મેથી શરૂ થયેલો બંદોબસ્ત તા. ૧૬મી ના રોજ મતગણતરી તેમજ સરઘસો પૂરા ન થાય ત્યાં સુધી યથાવત રહેશે. જ્યારે તા. ૧૬મી ની મતગણતરીને ધ્યાનમાં રાખીને એલડી એન્જીનીયરીંગ ખાતે ૫૦૦ થી ૭૦૦ સુરક્ષા કર્મચારી તહેનાત રહેશે. તા. ૧ મે થી ગુજરાત કોલેજ ઉપર ૧૭૦થી ૧૮૦ સુરક્ષા કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જ્યારે તા. ૧૬મી ની મતગણતરીને ધ્યાનમાં રાખીને આ ઉપરાંત વધારાના ૫૦૦ થી ૭૦૦ જવાનો તહેનાત કરાશે. ગુજરાત કોલેજ અને એલડી એન્જીનીયરીંગ કોલેજના સ્ટ્રોગરૂમમાં ઈવીએમ મશીનો રાખવામાં આવ્યા હોવાથી ત્યાંની સુરક્ષા ચેક કરવા માટે ડીસીપી તેમજ પોલીસ કમિશ્નર સમયાંતરે બંને કોલેજોની વિઝીટ કરી રહ્યા છે.

# વારાણસીમાં નરેન્દ્ર મોદીના ૧૭ સ્વરૂપ પુસ્તક ધુમ મચાવે છે

## મોદીને સૈનિકોને 'ચા' પીવરાવનાર અને મગરના બચ્ચા સાથે રમનાર તરીકે દર્શાવ્યા

ગાંધીનગર, તા. ૧૨

વારાણસીમાં મતદાનના ત્રણ દિવસ અગાઉ બાલ નરેન્દ્ર નામક પુસ્તક ધુમ મચાવી રહ્યું છે. પુસ્તકમાં નરેન્દ્ર મોદીના બાળપણથી માંડીને યુવા સુધીના સફર અંતર્ગત ૧૭ વાર્તાઓને વર્ણવવામાં આવી છે. જેમાં ગરીબ, મહેનતુ, સાહસી, ધાર્મિક, મદદગાર, ચા વાળો અને એક સફર નેતા આ પ્રકારના રૂપ પુસ્તકમાં જોવા મળશે.

રાના ડે પ્રકાશનનાં આ પુસ્તકમાં નરેન્દ્ર મોદીના અલગ-અલગ વાર્તા રજુ કરાયા છે. બાળકોની રૂચીને ધ્યાનમાં રાખીને વાર્તાને ગ્રાફીક્સ અને ચિત્રોના માધ્યમથી જીવંત કરવામાં આવ્યું છે. પુસ્તકમાં વાર્તાને કોમીક્સ અંતર્ગત એનીમેશન અને ડાયલોગ દ્વારા રજુ કરાઈ છે. ૧૯૬૨માં ચીનના યુદ્ધ દરમ્યાન મોદી દ્વારા સૈનિકોને ચા પીવડાવવા, બાળપણમાં નદીમાંથી મગરમચ્છનું બચ્ચુ ઘરે લઈ આવવું તેમજ ટ્રેનમાં ચા વેચવા અંગેના કિસ્સાઓ સામેલ કરાયા છે.

મોદીએ પોતાની બીમાર માતાની મદદ કેવી રીતે કરી અને ગરીબીમાં પરિવાર પર આર્થિક બોજ ન આવે તે માટે પોતાના અભ્યાસ અંગેનો ખર્ચ ઉપાડવાની મહેનત કરવા અંગેની વાર્તાઓનો પણ પુસ્તકમાં સમાવેશ કરાયો છે.

રાતોરાત વારાણસીનાં ઘરોમાં પ્રવેશ કરનાર આ પુસ્તકે બાળકોમાં મોદીની લોકપ્રિયતામાં વધારો કર્યો છે. પુસ્તકની કિંમત ૧૫૦ રૂપિયા નક્કી કરાઈ છે પણ લોકોનાં ઘર સુધી આ પુસ્તક કેવી રીતે પહોંચ્યું તે અંગે લોકોએ મૌન સેવ્યું છે. પુસ્તક અંગે કશુ બોલવા તૈયાર નથી.

# ગુજરાત મિશનમાં ભાજપને સફળતા અને કોંગ્રેસને ફટકો

નવીદિલ્હી, તા.૧૨

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ ગુજરાતમાં પણ લોકસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કરવાની તૈયારીમાં છે. જુદા જુદા એક્ઝિટ પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ગુજરાતમાં ભાજપ શાનદાર દેખાવ કરશે. ટાઈમ્સ નાઉના એક્ઝિટ પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ગુજરાતમાં ભાજપ તેના મિશનમાં સફળ રહેશે. આમાં કોંગ્રેસને ચાર બેઠક આપવામાં આવી રહી છે જ્યારે ભાજપ ૨૨ બેઠકો જીતી જશે. આમ આદમી પાર્ટીને ગુજરાતમાં ખાતુ ખોલવામાં સફળતા નહીં મળે તેવી વાત કરવામાં આવી છે. જુદા જુદા રાજ્યોમાં શાનદાર દેખાવની સાથે સાથે ગુજરાતમાં પણ ભાજપ તેના મિશનમાં સફળ સાબિત થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદીની આક્રમક વ્યૂહરચના અને શાનદાર ચૂંટણી પ્રચારના પરિણામ સ્વરુપે ભાજપની ગુજરાતમાં જીત થશે તેવો દાવો કાર્યકરો કરી રહ્યા છે. ગુજરાતમાં વિકાસના મુદ્દા ઉપર મુખ્યરીતે ચૂંટણી લડવામાં આવી હતી. મોટાભાગના એક્ઝિટ પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભાજપ તેના મિશનમાં સફળ છે.

### એક્ઝિટ પોલના આંકડા....

લોકસભાની ચૂંટણી માટે અંતિમ તબક્કામાં મતદાન થયા બાદ એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં ભાજપ સરકાર બનવાનો દાવો કરવામાં આવ્યો છે. ભાજપના નેતાઓએ પણ શાનદાર દેખાવ રહેશે તેવો દાવો કરવામાં આવ્યો છે.

| ચેનલ | ભાજપ-એનડીએ | કોંગ્રેસ-યુપીએ | અન્ય |
|---|---|---|---|
| ટાઈમ્સનાઉ-ઓઆરજી | ૨૪૯ | ૧૪૮ | ૧૪૬ |
| ઈન્ડિયાટુડે-સીઆઈસીઈઆરઓ | ૨૬૧-૨૮૩ | ૧૧૦-૧૨૦ | ૧૫૦-૧૬૨ |
| ઈન્ડિયાટીવી-સીવોટર | ૨૮૯ | ૧૦૧ | ૧૫૩ |
| ન્યુઝ૨૪-ટુડેચાણક્ય | ૩૪૦ | ૭૦ | ૧૩૩ |
| આજતક-સિસરો | ૨૭૨ | ૧૧૫ | ૧૫૬ |
| એબીપી-નેલશન | ૨૮૧ | ૯૭ | ૧૬૫ |

### જયજયકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલમાં ભાજપને ૧૯ અને એલજેપીને બે બેઠકો મળવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. આરજેડીને ૧૦ અને કોંગ્રેસને ચાર બેઠક આપવામાં આવી છે. જો કે ટાઈમ્સ નાઉના એક્ઝિટ પોલમાં ભાજપના ખાતામાં ૨૮ બેઠકો આપવામાં આવી છે. કોંગ્રેસ અને આરજેડીને એક એક બેઠક આપવામાં આવી છે. મહત્વપૂર્ણ રાજ્યોમાં ભાજપ જોરદાર સપાટો બોલાવે તેવી શક્યતા છે. ન્યુઝ-૨૪, ટુઝેડ ચાણક્યના એક્ઝિટ પોલમાં ભાજપને દિલ્હીમાં તમામ બેઠકો આપવામાં આવી છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ખાતા પણ ખુલી રહ્યા નથી જ્યારે સીએનએન-આઈબીએનના પોલમાં દિલ્હીમાં ભાજપને સાતમાંથી પાંચ અને એએપીને બે બેઠકો મળવાની વાત કરવામાં આવી છે.